જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૩૧/૦૭/૨૦૨૩   સોમવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૧૨૪૯/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી, ૩૫ વ્યક્તિઓને ઝડપી, ૧૪૮ લીટર દેશી દારૂ, ૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૮ કેસ કરી ૫૧ વ્યક્તિઓની અટકાયત કરી રોકડ રૂપિયા ૧,૬૪,૪૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૧૨૫૦/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અતકાયત કરી હતી.

## ચોરીઃ-   સમાચાર યાદી નં.૧૨૫૧/૨૦૨૩

**રખિયાલઃ** મહેન્દ્રભાઇ ગુલાબભાઇ નાયક (ઉ.વ.૭૮) (રહે. મહેશ નરેશ સોસાયટી ગુરુનાનક હોસ્પીટલની બાજુમાં કેડીલા સામે સ્કુલ વાળી ગલી ઘોડાસર) એ તા.૩૦/૦૭/૨૦૨૩ ના રોજ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૭/૨૦૨૩ થી તા.૧૮/૦૭/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન રખિયાલ અજીતમીલ મણીયાર ટ્રેલર સામે રીગલ ઇનસ્ટ્રીયલ એસ્ટેટ ઓફીસની કેબીનની શીટ તોડી અજાણી વ્યક્તિ પ્રવેશ કરી અલગ-અલગ માધ્યમના પુસ્તકો નંગ-૯૪૦ કિમત રૂપિયા ૯૧,૨૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી.કે.ચાવડા ચલાવે છે.

**બેદરકારીથી મૃત્યું-** **સમાચાર યાદી નં.૧૨૫૨/૨૦૨૩**

**માધવપુરાઃ** ઇશ્વરભાઇ મુળાભાઇ કોળી (ઉ.વ.૪૦) (રહે. ગામ-રેઢાણા તા.દેવગઢબારીયા જી.દાહોદ) એ તા.30/૦૭/૨૦૨૩ ના રોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે મહેંદીકુવા ચાર રસ્તા ચામુંડા (નારાયણ) નિવાસ સાઇટ ખાતે ઇશ્વરભાઇ કોળીના ભાઈ ટીકાભાઇ મુળાભાઇ કોળી પટેલ (ઉ.વ.૬૫) (રહે. ગામ-રંધાણા તા.દેવગઢબારીયા જી.દાહોદ) તથા બીજા મજુરોને કોન્ટ્રાકટર (૧) કિરીટભાઈ પટેલ (૨) ભાવેશભાઈ પટેલ (૩) ચામુંડા (નારાયણ)નિવાસ નામના મકાનના માલિક અને પેટા કોન્ટ્રકાટર (૪) પુનમભાઇ મશરૂભાઇ પરમાર (રહે-બ્લોક નં-૯/૨૫૯ ,જ્યુપીટર મીલ ઔડા આવાસ યોજનાના ચાર-માળીયા મકાનો, દુધેશ્વર(ભાડાના) મકાનમાં માધવપુરા અમદાવાદ શહેર) એ ભેગા મળી બાંધકામ તોડવા માટે જરૂરી સુરક્ષાના સાધનો નહી આપી તેમજ ગંભીર ઇજા કે મોત નિપજવાની પુરેપુરી સંભાવના હોવાનુ જાણવા છતાં મકાનનુ જુનું બાંધકામ તોડાવતા હતા દરમ્યાન તા.૨૯/૦૭/૨૦૨૩ સવારના ૧૦/30 વાગ્યાના સુમારે દિવાલ પડી જતા ટીકાભાઇ મુળાભાઇ કોળી દટાઇ જતા ઇજાઓ થતા તેમનું મૃત્યું નિપજયું હતું. મોતને છુપાવવા માટે લોભામણી લાલચ આપી પોલીસ કાર્યવાહી નહી કરી તેમજ પ્રાથમિક સારવાર આપ્યા વગર મૃતદેહને અંતીમ ક્રિયા કરાવવાની કોશીશ કરી મૃતદેહને અમદાવાદથી દેવગઢબારીયા વતન ખાતે મોકલી આપી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આઈ.એન.ધાસુરા ચલાવે છે.

**ડુબી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૨૫૩/૨૦૨૩**

**નરોડાઃ** નરોડા જીઆઇડીસી ફેઝ-૧ પ્લોટ નંબર-૪૦૭ ડીલક્ષ મેટલ વર્કસ નામની કંપનીની રૂમમાં રહેતા દેવાકુમાર સ/ઓ અર્જુનભાઇ ભગત (ઉ.વ.૧૫) (મૂળ વતન. ગામ-મડીયા તા-દીગ્વાદબવલી જી-ગોપાલગંજ બિહાર) તા.30/૦૭/૨૦૨૩ બપોરના ૨/30 વાગ્યાના સુમારે નાના ચિલોડા રીંગરોડ ગોબરેશ્વર મહાદેવ મંદિરની પાછળ નર્મદા કેનાલ ખાતે ધોધના વહેણમા નહાવા ગયેલ અને ઉંડા પાણીમાં જતા રહેતા ડુબી જતા તેનુ મૃત્યું નિપજયું હતુ. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો. શ્રી આઝાદસિંહ દલજીતસિંહ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૨૫૪/૨૦૨૩**

**સોલા હાઈકોર્ટઃ** બોપલ ગામ ઉમીયા માતાના મંદીર પાસે ભોપાજીની ચાની કિટલીની સામે પરબ કોમ્પ્લેક્ષ બીજા માળે ખાતે રહેતા અને સીક્યુરીટી તરીકે નોકરી કરતા ભરત સ/ઓ રામુભાઇ રાજપુત (ઉ.વ.૪૫) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૭/૨૦૨૩ સાંજના ૫/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સોલા સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા અને તા.30/૦૭/૨૦૨૩ સાંજના ૬/૪૫ વાગ્યાના સુમારે સોલા સીવીલ હોસ્પીટલના ચોથા માળે પુરુષ વોર્ડમા ટ્રાન્સફર કરવાના હોય સોલા સીવીલ હોસ્પીટલના ચોથા માળે લોબીમા ચાલતા જતા હતા ત્યારે ભરત રાજપુત એ દોડીને ચોથા માળ લોબીની બારીમાંથી પડતુ મુકતા ગંભીર ઇજાઓ થતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી કીરીટકુમાર વિઠ્ઠલદાસ ચલાવે છે.

**રિવરફ્રંટ વેસ્ટઃ** કોમલ વિજયભાઈ સોલંકી (ઉ.વ.૨૪) (રહે. રાજીવનગર ધર્મભુમિ નારોલ) એ અગમ્ય કારણસર તા.30/0૭/૨0૨૩ સાંજના ૬/00 વાગ્યાના સુમારે એન.આઈ.ડી. પાછળ રીવરફ્રન્ટ વોક-વે સીડી નંબર-૪૮ નજીક નદીમાં પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પરેશકુમાર કાનજીભાઈ ચલાવે છે.

**વટવા જીઆઈડીસીઃ** પ્રણવ સ/ઓ નરેશ રૈજાદા (ઉ.વ.૨૧) (રહે. ગીતા કોલોની ગિતાંજલી સ્કુલ પાસે જશોદાનગર) એ અગમ્ય કારણસર તા.30/0૭/૨0૨૩ કલાક ૧૨/00 વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુક સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા જીઆઈડીસી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આઈ.મકરાણી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી